# વેકેશનમાં ઉધના-જયનગર 'અનરિઝર્વ્ડ' સ્પેશિયલ ટ્રેન દોડશે

**નંદુરબાર,** ભુસાવળ, જબલપુર, સતના, પ્રયાગરાજ છીવકી, પટના, દરભંગા થઈને જયનગર પહોંચશે

સુરતઃ આગામી ઉનાળુ વેકેશનમાં વતન જનારા મુસાફરોનો ધસારો જોતા પશ્ચિમ રેલવે દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બોર્ડની મંજૂરી બાદ સુરતના ઉધના રેલવે સ્ટેશનથી બિહારના જયનગર માટે ખાસ ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) હેઠળ સ્પેશિયલ ટ્રેન દોડાવવા ની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ એટલે કે બિન-અનામત કોચ ધરાવતી હશે, જેનાથી અંતિમ ઘડીએ વતન જવા માંગતા શ્રમિકોને મુસાફરોને મોટી રાહત મળશે.

રેલવેના સત્તાવાર જાહેરનામા મુજબ, ટ્રેન નંબર 09041 ઉધના-જયનગર સ્પેશિયલ 29 માર્ચ ના રોજ 01:30 AM વાગે ઉધના થી રવાના થશે. આ ટ્રેન બીજા દિવસે એટલે કે સોમવારે બપોરે 14:30 કલાકે જયનગર પહોંચશે. પરત થતી વખતે ટ્રેન નંબર 09042 જયનગર-ઉધના સ્પેશિયલ સોમવારે સાંજે 17:30 કલાકે ઉપડશે અને મંગળવારે સવારે 06:15 કલાકે ઉધના પરત ફરશે. આ ટ્રેન કુલ 1857 કિલોમીટરનું અંતર કાપશે. આ સ્પેશિયલ ટ્રેન ની ખાસિયત એ છે કે તેમાં એલએચબી (LHB) રેકનો ઉપયોગ કરવામાં આવશે. ટ્રેનની સંરચનામાં કુલ 22 કોચ હશે, જેમાં 20 જનરલ કોચ (LS) એક LSLRD અને એક પાવર કારનો સમાવેશ થાય છે. આ ટ્રેન સ્પેશિયલ ભાડા સાથે દોડાવવામાં આવશે. ઉનાળામાં મુસાફરોની પીવાના પાણીની સુવિધા માટે નંદુરબાર સહિતના અન્ય સ્ટેશનો પર વિશેષ પાણી ભરવાની વ્યવસ્થા કરવા પણ સૂચના અપાઈ છે.આ ટ્રેન તેના રૂટ દરમિયાન મહત્વના સ્ટેશનો જેવા કે નંદુરબાર, ભુસાવળ, ઈટારસી, જબલપુર, સતના, પ્રયાગરાજ છીવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, પટના, બરૌની, સમસ્તીપુર અને દરભંગા થઈને જયનગર પહોંચશે.

## કાઠગોદામ, કાનપુર, ભિવાની, પટના અને હરિદ્વાર જેવી લાંબા અંતરની ટ્રેનોના ફેરામાં વધારો

રેલવેના સત્તાવાર યાદી મુજબ, મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ સ્પેશિયલ હવે 29 એપ્રિલ સુધી અને કાઠગોદામ-મુંબઈ સેન્ટ્રલ 30 એપ્રિલ સુધી દોડશે. મુંબઈ સેન્ટ્રલ-કાનપુર અનવરગંજ ટ્રેન આગામી 26 જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. ઉત્તર ભારત તરફ જતા મુસાફરો માટે બાંદ્રા ટર્મિનસ-ભિવાની સ્પેશિયલ 29 જુલાઈ સુધી કાર્યરત રહેશે. દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે વલસાડ-દાનાપુર સ્પેશિયલ 29 જૂન સુધી અને સુરત-છાપરા સ્પેશિયલ પણ 29 જૂન સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત, બિહાર જતા મુસાફરો માટે ઉધના-હસનપુર રોડ અનરિઝર્વ્ડ સ્પેશિયલ હવે 28 જૂન સુધી દોડશે. મધ્ય પ્રદેશના મુસાફરો માટે ઇન્દોર-નિઝામુદ્દીન અને ડો. આંબેડકર નગર-પટના ટ્રેનોના ફેરા પણ જૂન મહિનાના અંત સુધી લંબાવી દેવાયા છે. જોકે, ઇન્દોર-નિઝામુદ્દીન સ્પેશિયલ મે મહિનામાં 22 થી 25 તારીખ દરમિયાન અમુક દિવસોએ રદ રહેશે. જેની મુસાફરોએ નોંધ લેવી. અમદાવાદથી દોડતી અમદાવાદ-પટના સ્પેશિયલ ટ્રેન હવે 29 એપ્રિલ સુધી દોડશે, જ્યારે તેની પરત આવતી ટ્રેન 1 મે સુધી લંબાવવામાં આવી છે. હરિદ્વાર જતાં શ્રદ્ધાળુઓ માટે સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ હવે 29 જૂન સુધી કાર્યરત રહેશે, જેનાથી ઉત્તરાખંડ જતા પ્રવાસીઓને મોટી રાહત મળશે.

### બુકિંગ ક્યારથી શરૂ થશે

મુસાફરો માટે ખાસ નોંધણી કે, ટ્રેન નં. 09425 અને 09309 માટેનું બુકિંગ 28 માર્ચ, 2026 થી શરૂ થશે. જ્યારે બાકીની તમામ સ્પેશિયલ ટ્રેનો (09075, 09185, 09005, 09025, 09065, 09447 અને 09343) માટેનું બુકિંગ 29 માર્ચ, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે.

## સુરત રેલવે પાર્સલ ઓફિસ પાસેથી બાઈક ચોરનાર ત્રિપુટી ઝડપાઈ

સુરતઃ ૨૧ માર્ચના રોજ સુરત પાર્સલ ઓફિસ પાસેથી એક બાઇકની ચોરી થઇ હતી. જેમાં સંડોવાયેલી ત્રિપુટીને રેલવે પોલીસે ઝડપી પાડી હતી. પકડાયેલા આરોપીઓમાં મયૂર ઉર્ફે રોમિયો જોષી (ઉં.વ.૨૩) (રહે.,ઉધના), યોગેશ ઉર્ફે અરમાન મલિક રાઠોડ (ઉં.વ.૨૬) (રહે.,મિની બજાર) અને આશિફ રિયાઝ અંસારી (ઉં.વ.૧૯) (રહે.,સચિન)નો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી રેલવે પોલીસે ૭૫ હજારની બર્ગમેન અને મહિધરપુરા વિસ્તારમાંથી ચોરાયેલી ૧.૮૦ લાખની 'KTM RC 390' મળી આવી હતી મુખ્ય આરોપી મયૂર ઉર્ફે રોમિયો સામે ઉધના, ખટોદરા અને અમરોલીમાં લૂંટ, ચોરી અને હત્યાના પ્રયાસ જેવા ગંભીર ગુના નોંધાયેલા છે અને તે 'પાસા' હેઠળ જેલ પણ ભોગવી ચૂક્યો છે. જ્યારે યોગેશ રાઠોડ સામે પણ ચોરી અને પ્રોહિબિશનના સાત જેટલા ગુના નોંધાયેલા છે.

# હવે માત્ર 300 રૂપિયામાં જ જમીનની વારસાઈ થઈ જશે



**મિલકતના** દસ્તાવેજીકરણ માટે હજારો-લાખો રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ

ગાંધીનગરઃ ગુજરાતના ખેડૂતો અને સામાન્ય પ્રજાજનો માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે એક અત્યંત સંવેદનશીલ નિર્ણય લીધો છે. જમીન વારસાઈ અને પરિવારના સભ્યો વચ્ચે મિલકતની વહેંચણીના કિસ્સામાં અત્યાર સુધી જે જંત્રી આધારિત મોટી રકમની સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડતી હતી, તેમાં હવે સરકારે મોટી રાહત આપી છે. હવે આવા વ્યવહારો માત્ર 300ની ટોકન સ્ટેમ્પ ડ્યુટી ભરીને કરી શકાશે.

ખેડૂત સંગઠનો દ્વારા આ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીએ ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-1958ની કલમ-9 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ ઐતિહાસિક રાહત જાહેર કરી છે.

### કોને મળશે આ નિર્ણયનો લાભ ?

આ નિર્ણય હેઠળ સીધી લીટીના (માતા-પિતા, સંતાનો) અને જો સીધી લીટીના વારસદાર ન હોય તો આડી લીટીના વારસદારો વચ્ચે થતા નીચે મુજબના વ્યવહારોમાં રાહત મળશે

■ હક ઉઠાવવા/કમી કરવા : સંયુક્ત કબજેદારો પૈકી કોઇ એક વારસદાર અન્યની તરફેણમાં હક જતો કરે ત્યારે ■ હયાતીમાં નામ દાખલ કરવા: સીધી કે આડી લીટીના વારસદારોના નામ મિલકતમાં દાખલ કરવાના કિસ્સામાં ■ મિલકત વહેંચણી: પરિવારના સભ્યો વચ્ચે જમીનની વહેંચણીના લેખ પર હવે માત્ર રૂ.300 સ્ટેમ્પ ડ્યુટી લાગશે

### નિર્ણયની દૂરગામી અસરો અને ફાયદા

1. કોર્ટ કેસમાં ઘટાડો : મિલકત વહેંચણી સરળ બનતા પારિવારિક વિવાદો અને વર્ષો સુધી ચાલતા કોર્ટ કેસોમાં મોટો ઘટાડો થશે
2. આર્થિક ભારણ ઘટશે : ખેડૂતોને વારસાઈ મિલકતના દસ્તાવેજીકરણ માટે હજારો-લાખો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ મળશે
3. પારદર્શક રેકોર્ડ : સ્ટેમ્પ ડ્યુટી ઓછી હોવાથી લોકો હવે વ્યવહારોની સત્તાવાર નોંધણી કરાવશે, જેનાથી જમીનના માલિકી હક (Record of Rights) વધુ સ્પષ્ટ અને પારદર્શક બનશે

## રેલવે સ્ટેશનથી ૮ કિલો ગાંજા સાથે ઓરિસ્સાનો યુવક ઝડપાયો



સુરતઃ સુરત રેલવે પોલીસની SOGની ટીમે કાર્યવાહી કરી સુરત રેલવે સ્ટેશન પરથી 8 કિલો ગાંજાના જથ્થા સાથે એક ઓરિસ્સાના યુવકને દબોચી લીધો છે. ગુરુવારે સાંજે સુરત રેલવે સ્ટેશન સ્પીડ પાર્સલ ઓફિસ નજીક નવા પ્રવેશદ્વાર સામેના ઢાળ પાસેથી એક શંકાસ્પદ ઇસમ પસાર થઈ રહ્યો હતો. રેલવે NDPS ડેડિકેટેડ ટીમ અને RPFના સ્ટાફે આ શખ્સની અટકાયત કરી તેની પાસે રહેલા થેલાની તપાસ કરતાં ગાંજો મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીની 27 વર્ષીય નૃશીમા પશુ સ્વાઈન (રહે., આશાપુરી, સુરત, મૂળ ઓરિસ્સા) તરીકે થઈ હતી. પોલીસે તેની પાસેથી કુલ ૮.૦૪૦ કિલોગ્રામ ગાંજો, મોબાઈલ ફોન, રોકડ, રેલવે ટિકિટ અને અન્ય બિલ મળી કુલ ૪,૦૩,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ટેક્સટાઈલ માર્કેટમાં પિતા-પુત્રએ ૧.૪૦ કરોડનું ફૂલેકું ફેરવ્યું

**સારોલીના** 'નાડિયા ફેબ્રિક્સ'ના સંચાલકોએ કાપડના વેપારી સાથે છેતરપિંડી આચરી

સુરતઃ સારોલી વિસ્તારમાં આવેલી કાપડ માર્કેટમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રઘુવીર શેલિયમ ટેક્સટાઈલ માર્કેટમાં દુકાન ધરાવતા ઠગબાજ પિતા-પુત્ર અને તેમના મેનેજરે ભેગા મળીને એક વેપારી પાસેથી કરોડો રૂપિયાનો કાપડનો જથ્થો ખરીદ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી હાથ ઊંચા કરી દીધા છે. આ મામલે સારોલી પોલીસે રૂ.૧.૪૦ કરોડની છેતરપિંડીનો ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી છે.

મૂળ રાજસ્થાનના બિકાનેરના વતની અને હાલ ગોડાદરા વિસ્તારમાં અંબિકા હાઈટ્સમાં રહેતા રાજેન્દ્ર કિશનલાલ ડાગા સારોલીના વિકાસ લોજિસ્ટિક માર્કેટમાં 'સંજુ ટેક્સ' નામે કાપડનો વ્યવસાય કરે છે. જાન્યુઆરી-૨૦૨૪માં તેમની મુલાકાત રઘુવીર શેલિયમ ટેક્સટાઈલ હાઉસમાં 'નાડિયા ફેબ્રિક્સ' ધરાવતા કીર્તિ સંજય સુખલાણી અને તેના પિતા સંજય સુખલાણી સાથે થઈ હતી. શરૂઆતમાં પિતા-પુત્રએ પોતાની ઓળખ મોટા ગજાના વેપારી તરીકે આપી સમયસર પેમેન્ટ ચૂકવી રાજેન્દ્રભાઈનો અતૂટ વિશ્વાસ જીતી લીધો હતો.

વિશ્વાસ જામ્યા બાદ આરોપીઓએ મોટો દાવ ખેલ્યો હતો. ૧૩ જાન્યુઆરી-૨૦૨૪થી ૧૨ જુલાઈ-૨૦૨૪ દરમિયાન પિતા-પુત્ર અને તેમના મેનેજર વિનોદ સાંખલાએ રાજેન્દ્રભાઈ પાસેથી અલગ-અલગ બિલથી કુલ રૂ.૧.૭૮ કરોડનો કોટન પોલિસ્ટર કાપડનો માલ મંગાવ્યો હતો. માલની ડિલિવરી લીધા બાદ આરોપીઓએ પેમેન્ટ આપવામાં ગલ્લાંતલ્લાં શરૂ કર્યા હતા. કુલ રકમમાંથી આરોપીઓએ માત્ર રૂ.૩૭.૪૧ લાખ ચૂકવ્યા હતા. જ્યારે બાકીના રૂ.૧,૪૦,૫૪,૦૦૦ હજુ સુધી ચૂકવ્યા નથી. ઉઘરાણી કરતા મળી ધમકીઓ વેપારી રાજેન્દ્રભાઈએ જ્યારે પોતાના બાકી નીકળતા કરોડો રૂપિયાની ઉઘરાણી કરી ત્યારે પિતા-પુત્ર અને મેનેજરે પેમેન્ટ આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. લાંબો સમય સુધી ધક્કા ખાધા બાદ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ભોગ બનનાર વેપારીએ સારોલી પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ આયોજિત કાવતરું રચી વિશ્વાસઘાત કરવા બદલ ગુનો દાખલ કરી તપાસ તેજ કરી છે.

# બિહારથી ભાગી આવેલાં બે બાળક સુરત સ્ટેશન પર મળ્યાં

**પહેલા** ટ્રેન ચૂકી જવાનું કહ્યું, જો કે રેલવે પોલીસની ચપળતાથી મામલો સામે આવ્યો



સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર ગભરાયેલી હાલતમાં મળી આવેલા બે સગીર બાળકોને સુરત રેલવે પોલીસની શી-ટીમે સુરક્ષિત રીતે તેમના પરિવારને સોંપ્યા હતા.

મળતી માહિતી મુજબ, સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ શી-ટીમના વુમન એ.એસ.આઈ. મનિષા મધુકર અને તેમની ટીમ પ્લેટફોર્મ નંબર 1 પર પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન સુરત શહેર ખાતે રહેતા 12 વર્ષની ઉંમરના બે બાળક ગભરાયેલી હાલતમાં એકલા બેઠેલા જોવા મળ્યા હતા. પોલીસે પૂછપરછ કરતાં બાળકોએ શરૂઆતમાં એવું બહાનું બનાવ્યું હતું કે તેઓ પરિવાર સાથે વતન જઈ રહ્યા હતા અને ભીડને કારણે ટ્રેનમાં ચઢી શક્યા નથી. પોલીસે બાળકો પાસે રહેલા થેલાની તપાસ કરતાં એક મોબાઈલ મળી આવ્યો હતો, જેમાં સિમકાર્ડ ન હતો જોકે, ડાયલ લિસ્ટના આધારે પોલીસે સંપર્ક સાધતા સત્ય હકીકત સામે આવી હતી.

વાસ્તવમાં, આ બંને બાળક પાડોશી મિત્રો હતા. પરીક્ષા નજીક હોવાથી મોટી બહેને ભણવા માટે ટકોર કરી હતી, જેનાથી નારાજ થઈને બંને બાળકો રમવા જવાનું કહીને ઘરેથી નીકળી ગયા હતા અને સાંજ સુધી પરત ફર્યા ન હતા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### રૂ. ૨.૩૮ લાખ...

મિસાઈલ સિસ્ટમે મહત્વની ભૂમિકા ભજવી હતી. ઓક્ટોબર 2018માં, ભારતે રશિયા પાસેથી પાંચ S-400 મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે 5 બિલિયન યુએસ ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જોકે અમેરિકાએ ચેતવણી આપી હતી કે આ કરારને કારણે CAATSA કાયદા હેઠળ પ્રતિબંધો આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતને અમેરિકી પ્રતિબંધોની કોઈ ખાસ ચિંતા નથી, કારણ કે આ નવી ખરીદી અગાઉના ઓર્ડરના ફોલો-ઓન તરીકે ગણવામાં આવશે. DAC એ ભારતીય વાયુસેનાની લડાયક ક્ષમતા વધારવાના ભાગરૂપે રિમોટલી પાઈલોટેડ 'સ્ટ્રાઈક એરક્રાફ્ટ'ની ખરીદી અને સુખોઈ-30 એરો એન્જિનના ઓવરહોલિંગને પણ મંજૂરી આપી છે, આ ઉપરાંત ભારતીય સેના માટે 'ધનુષ ગન સિસ્ટમ'ના સંપાદનને પણ મંજૂરી આપી છે. નાણાકીય વર્ષ 2025-26માં, DAC દ્વારા રૂ. 6.73 લાખ કરોડની 55 દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે. તદુપરાંત, ચાલુ નાણાકીય વર્ષમાં રૂ. 2.28 લાખ કરોડના 503 મૂડી પ્રાપ્તિ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કોઈપણ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં આપવામાં આવેલી મંજૂરી અને કરારની આ સૌથી વધુ રકમ છે.

### સરકારે 858 કરોડના...

ભારતની એમઆરઓ (મેન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ) સુવિધા ખાતે કરવામાં આવશે. નૌકાદળ પાસે હાલમાં 12 પી-8આઈ એરક્રાફ્ટ છે, જે હિંદ મહાસાગરમાં દેખરેખ અને સબમરીન વિરોધી યુદ્ધ પ્રણાલી માટે અત્યંત મહત્વના છે. આ બંને કરારો ભારતની સૈન્ય સજ્જતા અને આત્મનિર્ભરતાના વિઝનને વેગ આપશે.

### ઈરાનને હવે...

દૂતો શાંતિ સમજૂતી માટે વાટાઘાટો કરે ત્યારે તેમને મજબૂત પક્ષ પૂરો પાડવાનો છે. વ્હાઇટ હાઉસના પ્રવક્તા એના કેલીએ જણાવ્યું હતું કે ગ્રાઉન્ડ ટ્રુપ્સ અંગે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમણે કહ્યું, સૈનિકોની તૈનાતી અંગેની તમામ જાહેરાતો 'ડિપાર્ટમેન્ટ ઓફ વોર' દ્વારા કરવામાં આવશે. અમે કહ્યું છે તેમ, રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાસે હંમેશા તમામ સૈન્ય વિકલ્પો ઉપલબ્ધ છે.

અમેરિકી સૈન્યની સંભવિત ભૂમિકાઓમાંની એક ખાર્ગ ટાપુ પર કબજો મેળવવાની હોઈ શકે છે, જે એક મહિના પહેલા યુદ્ધ શરૂ થયું ત્યારથી અમેરિકા માટે મુખ્ય નિશાન રહ્યું છે. 'ફોર્બિડન આઈલેન્ડ' તરીકે ઓળખાતો ઈરાનના કિનારાથી ૧૬ માઈલ દૂર આવેલો આ નાનકડો ટાપુ ઈરાનના તેલ નિકાસ માટેનું મુખ્ય કેન્દ્ર છે. તેના ટર્મિનલ, સ્ટોરેજ ટેન્ક અને પાઈપલાઈન પર કબજો કરીને, અમેરિકા તે નાણાંના પ્રવાહને રોકી શકે છે જે ઈરાનની અર્થવ્યવસ્થાને ટેકો આપે છે અને તેના સૈન્યને ભંડોળ પૂરું પાડે છે.

### સરકારે પેટ્રોલ,...

જો કે, પાછલી વખતની જેમ, આ વખતે ONGC જેવી કંપનીઓ દ્વારા સ્થાનિક સ્તરે ઉત્પાદિત ક્રૂડ ઓઈલ પર કોઈ વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો નથી. પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ પત્રકારોને જણાવ્યું હતું કે, સરકાર પાસે બે વિકલ્પો હતા – કાં તો ભાવ વધારો ગ્રાહકો પર નાખવો અથવા એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને પોતે આર્થિક ફટકો સહન કરવો. સરકારે બીજા વિકલ્પની પસંદગી કરી છે. રશિયા-યુક્રેન યુદ્ધથી લઈને મધ્ય પૂર્વના સંકટ સુધીના ભૌગોલિક રાજકીય આંચકાઓ છતાં, ભારતમાં ઈંધણના ભાવ એપ્રિલ ૨૦૨૨ થી મોટાભાગે યથાવત રહ્યા છે.

CBIC ના ચેરમેન વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે નિકાસ પરના વિન્ડફોલ ટેક્સથી પ્રથમ પખવાડિયામાં આશરે ૧,૫૦૦ કરોડ રૂપિયાની આવક થશે, જ્યારે એક્સાઈઝ ડ્યુટીમાં કાપને કારણે સરકારને ૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની આવક જતી કરવી પડશે. મધ્ય પૂર્વના યુદ્ધને કારણે માત્ર આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં જ વધારો થયો નથી, પરંતુ વૈશ્વિક ઉર્જા પુરવઠા શૃંખલામાં પણ વિક્ષેપ પડ્યો છે. ભારત હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના શિપિંગ માર્ગમાં અવરોધ છતાં ક્રૂડ ઓઈલ મેળવવામાં સફળ રહ્યું છે, પરંતુ રાંધણ ગેસ (LPG) ના પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે. સરકારી માલિકીની તેલ કંપનીઓ માત્ર ઊંચા તેલના ભાવની અસર સહન કરી રહી નથી, પરંતુ પેટ્રોકેમિકલ્સ બનાવવા માટે વપરાતા પ્રવાહને ડાયવર્ટ કરીને સ્થાનિક LPG ઉત્પાદનમાં ૪૦ ટકાનો વધારો કરવામાં પણ સફળ રહી છે. આનાથી વિક્રમી નુકસાનની સ્થિતિ સર્જાઈ છે.મંત્રી હરદીપ સિંહ પુરીએ 'X' પર એક પોસ્ટમાં આ નુકસાનને ઘણું ઊંચું ગણાવતા પેટ્રોલ પર ૨૪ રૂપિયા અને ડીઝલ પર ૩૦ રૂપિયા પ્રતિ લિટર ગણાવ્યું હતું. વાર્ષિક ૧૭૫ અબજ લિટર ઇંધણ વેચાણને ધ્યાનમાં લેતા, આ ડ્યુટી કટની વાર્ષિક અસર ૧.૭૫ લાખ કરોડ રૂપિયા થવાનો આ ઉદ્યોગનો અંદાજ છે.

### ઇરાન પર...

આદેશ આપ્યો છે - જે કદાચ ઈરાન પાસેથી આ જળમાર્ગ પાછો મેળવવા માટેના સૈન્ય પ્રયાસની તૈયારી હોઈ શકે છે. ટ્રમ્પે જણાવ્યું છે કે જો ઈરાન 6 એપ્રિલ સુધીમાં તમામ ટ્રાફિક માટે આ માર્ગ ફરીથી નહીં ખોલે, તો તેઓ ઈરાનના ઊર્જા પ્લાન્ટ્સને નષ્ટ કરવાનો આદેશ આપશે. તેમણે ગુરુવારે કહ્યું હતું કે સંઘર્ષ પૂરો કરવા માટેની વાટાઘાટો ખૂબ સારી રીતે ચાલી રહી છે, જ્યારે ઈરાનનું કહેવું છે કે તે આવી કોઈ વાટાઘાટોમાં સામેલ નથી. **ઈઝરાયેલે ઈરાનના શસ્ત્ર ઉત્પાદન કેન્દ્રો અને લેબનોનની રાજધાનીને નિશાન બનાવી** ઈઝરાયેલમાં એર રેડ સાયરન ગુંજી ઉઠ્યા હતા અને સૈન્યએ જણાવ્યું હતું કે તેઓ દરરોજ ઈરાની મિસાઈલોને આંતરી રહ્યા છે. રક્ષામંત્રી ઈસરાઈલ કાત્ઝે કહ્યું કે ઈરાને આ યુદ્ધ અપરાધ માટે ભારે અને વધતી જતી કિંમત ચૂકવવી પડશે. કાત્ઝે વધુમાં જણાવ્યું કે, ચેતવણીઓ છતાં ગોળીબાર ચાલુ છે. તેથી જ ઈરાનમાં હુમલાઓ વધુ તેજ બનશે અને તે વધારાના લક્ષ્યો તેમજ એવા વિસ્તારો સુધી વિસ્તરશે જે ઇઝરાયેલી નાગરિકો સામે શસ્ત્રો બનાવવા અને ચલાવવામાં શાસનને મદદ કરી રહ્યા છે. બીજી તરફ, વહેલી સવારે થયેલા હુમલા બાદ બેરૂત (લેબનોન) પર ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા અને લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે બાદમાં બે લોકોના મોતના અહેવાલ આપ્યા હતા.

### શ્રીનગર-લેહ...

દયાલ સ્લાઈડ પાસે ધસી પડેલા બરફના ઢગલાનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં આ ઘટનાની ભયાનકતા જોવા મળી રહી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે હજી બે જણા બરફ હેઠળ દબાયેલા છે.

લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા જણાવ્યું કે, ઝોજીલામાં હિમપ્રપાતના દુર્ભાગ્યપૂર્ણ સમાચાર સાંભળ્યા. મેં કારગિલના ડીસી અને એસએસપીને તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લેવા અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. ડિઝાસ્ટર રિલીફ ફોર્સ અને BRO (બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન) સહિતની તમામ સરકારી એજન્સીઓને હાઇ એલર્ટ પર રાખવામાં આવી છે. દરમિયાન, કેન્દ્રીય રાજ્ય મંત્રી ડો. જિતેન્દ્ર સિંઘે જણાવ્યું હતું કે આ હિમસ્ખલનમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે ટ્વીટ કર્યું કે, ઝોજીલા ઘાટ પાસે વાહનો હિમસ્ખલનની ઝપેટમાં આવતા 7 લોકોના દુઃખદ અવસાન અને 5 લોકોના ઘાયલ થવાના સમાચાર જાણીને ઘણું દુઃખ થયું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના.

ઘાયલોને તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. હિમસ્ખલનને કારણે શ્રીનગર-લેહ નેશનલ હાઈવે (નેશનલ હાઈવે 1)ને હાલ બંધ કરી દેવામાં આવ્યો છે, કારણ કે સત્તાવાળાઓ બરફ સાફ કરવા અને બચાવ કામગીરી પૂર્ણ કરવામાં લાગેલા છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સુરતથી મુંબઈ...

વચ્ચે રોજબરોજ હજારો લોકો નોકરી-ધંધા, વેપાર અને અભ્યાસ માટે આવન-જાવન કરે છે. મુંબઈ-સુરત કોરિડોર ભારતના સૌથી વ્યસ્ત રેલવે રૂટમાં આવે છે. સુરત સુધી લોકલ સ્ટાઈલ ટ્રેન ચલાવવાનો અભ્યાસ વેસ્ટર્ન રેલવે કરી રહી છે. સુરત સ્ટેશનનું રિ- ડેવલોપમેન્ટ પણ ખાસ આ માટે થઈ રહ્યું છે. મેમુ જેવી જ ટ્રેન પરંતુ આ ટ્રેનમાં ટોયલેટની વ્યવસ્થા હશે અને તે નમો ભારત રેપિડ ટ્રાન્ઝીટ ટ્રેઈન તરીકે ઓળખાશે. લોકલ પ્રકારની ઝડપી અને સસ્તી મુસાફરીથી મુંબઈ સુધી રોજિંદા મુસાફરી કરતાં દૈનિક અપ-ડાઉન મુસાફરોને રાહત અને મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારને સાઉથ ગુજરાત સુધી વિસ્તરણનો લાભ મળશે. આગામી પાંચ વર્ષમાં મુંબઈ-સુરત સહિત છ શહેરો વચ્ચેની ટ્રેન ક્ષમતાં ડબલ કરવાની યોજના પર રેલવે વિભાગ કામ કરી રહ્યું છે.

### આ સબબર્ન...

ધ્યાનમાં લઈ શકાય છે. આ ટ્રેનો તેમની હાઇ સ્પીડ, આરામદાયક બેઠક વ્યવસ્થા અને આધુનિક સુવિધાઓ માટે જાણીતી છે. લાંબી ઉપનગરીય ટ્રેનો ચલાવવાનો મુખ્ય મુદ્દો ટ્રેનોમાં શૌચાલયનો અભાવ છે. EMUs (ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ્સ) પર કોઈપણ મુસાફરી માટે, ત્રણ કલાકથી વધુ સમય શક્ય નથી. જેથી આ ટ્રેનોમાં એસી અને નોન-એસી કોચ રહેશે. તેમજ શૌચાલય સુવિધાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### સુરતમાં રત્નાગીરી...

ડઝન 600થી 800 સુધી બોલાઇ રહી છે. ભાવોને કારણે સામાન્ય ગ્રાહકો માટે કેરી ખરીદવી મુશ્કેલ બની છે. ફળોના વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે કેરીના પાકમાં લગભગ 30 ટકા જેટલો ઘટાડો થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતમાં 10 દિવસ પહેલાં આવેલા મિનિ વાવાઝોડાને કારણે આંબા પરનાં નાના મરવાઓ ખરી પડતાં ખેડૂતોને મોટાપાયે નુકસાન વેઠવું પડ્યું છે. પાકમાં આવેલા આ ઘટાડાની સીધી અસર બજારમાં દેખાઈ રહી છે, જ્યાં આવક ઘટતા ભાવમાં તેજી જોવા મળી રહી છે.

સરદાર માર્કેટના વેપારી બાબુભાઈ અનુસાર, હાલ કેરીની સિઝનની શરૂઆત છે એટલે ગ્રાહકો કેરીની માંગ વધારે છે પણ બજારમાં કેરીની આવક ઓછી છે. હજુ બજારમાં અથાણાની કેરીઓ સાથે રત્નાગીરી, દેવગઢ અને લાલબાગની કેરી હોલસેલ તેમજ રિટેઈલ ધબકતું વેચાણ કરી રહી છે.

### નકલી નોટ...

તેના છ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સુત્રોના જણાવ્યા પ્રમાણે, શહેરના અમરાઈવાડીમાંથી 18મી માર્ચના રોજ ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક કારમાંથી 500ના દરની બનાવટી ચલણી નોટ અંદાજે 2.48 કરોડની જપ્ત કરી એક મહિલા સહિત મુકેશ ઠુંમર, અશોક ધનજી માવાણી, રમેશ વલ્લભભાઈ ભાલર, દિવ્યેશ રાણા, યોગગુરુ પ્રદીપ દિલીપભાઈ જોટાંગિયા અને ભરત વાલજીભાઈ કાકડીયાની ધરપકડ કરી તેમના દસ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. હાલમાં તમામ રિમાન્ડ પર છે. આરોપીઓના રિમાન્ડ દરમિયાન આ બનાવટી ચલણી નોટ કૌભાંડમાં યોગગુરૂ ચીટર પ્રદીપ જોટંગીયાની મહત્વની ભૂમિકા બહાર આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં વધુ એક કામરેજ-સાયણ રોડ પર રામવાટીકા સોસા.માં ભાવેશ વલ્લભભાઈ ગજેરાની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરી છ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

### ભગવાન મહાવીર...

રોડ પર ભગવાન મહાવીર કોલેજ આવેલી છે જ્યા પહેલા માળ ઉપર નર્સિંગ કોલેજ આવેલી છે. સવારે નર્સિંગ કોલેજની ઓફિસમાં આગ લાગી ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થળ પર ભાગદોડ મચી ગઈ હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા બે અલગ અલગ ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગ પર કાબુ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વધુમા સબ ફાયર ઓફિસર કિશોરે પટેલે જણાવ્યું હતું કે આગને લીધે ઓફિસમા ધુમાડો વધારે પ્રમાણ ભરાઇ ગયો હતો. ધુમાડો બહાર કાઢવા માટે બારીના કાંચ તોડવામાં આવ્યા હતા અને ત્યાર બાદ ધુમાડો બહાર કાઢવામાં આવ્યો હતો. એસીમાં શોર્ટ સર્કિટ થવાને લીધે આગ લાગી ગઈ હતી. જોકે અર્ધો કલાકની જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબુમાં કરી લેવામાં આવી હતી. આગમાં બારીના પડદા તેમજ વાયરિંગ સહિતનો સામાન બળી ગયો હતો. સદનીસબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

### ખજોદની આગ...

અંદરથી દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જો કે, આ આગ તંત્રની બેદરકારીના કારણે લાગ્યાનો આક્ષેપ ઉઠ્યો છે. આગને કાબૂમાં લેવા માટે મશીનરી અને મેનપાવર પાછળ મનપાને અંદાજે 15 લાખથી વધુનો ખર્ચ સહન કરવો પડ્યો છે. નોંધનીય છે કે કચરો ડમ્પ કરનાર ઈજારદાર સી.ડી. કોર્પોરેશન પાસેથી આ ખર્ચ વસુલાનો નહી હોવાનુ ચીફ ફાયર ઓફીસર બસંત પરીખે જણાવ્યુ હોય સમગ્ર આર્થિક ભાર મનપા પર જ આવ્યો છે.

### ગેસ બંધ...

ફાયર સ્ટેશનની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. ફાયર ઓફિસર કિરણ પટેલના જણાવ્યા મુજબ તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી, ત્યારે લારી ઉપર આગ લાગી રહી હતી. તેને કારણે લારી ઉપરનો પરચૂરણ સામાન બળી રહ્યો હતો, તેને કારણે સ્થળ ઉપર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગ ઉપર ગણતરીની મિનિટોમાં જ કાબૂ પ્રાપ્ત કરી લીધો હતો. જોકે ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચે તે પહેલાં સ્થાનિક લોકોએ ચાની લારીના માલિક અને દાઝી ગયેલા ગ્રાહકને નજીકની પી.પી લવાણી હોસ્પિટલમાં 108 મારફતે સારવાર માટે ખસેડ્યા હોવાનું ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યું હતું.

### 85% વિવર્સ...

જીરાવાલાએ જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિમાં સંયમ અને સંકલન જરૂરી છે. વિવર્સના અભિપ્રાયને આધારે આગળની વ્યૂહરચના ઘડીને સમગ્ર વણાટ ઉદ્યોગને સ્થિર બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

### સુરતના વકીલે...

કાયદાકીય માહિતી અને અન્ય મહત્વના પ્રશ્નોના સચોટ જવાબ આપવાની ક્ષમતા તેમાં છે.વધુમાં, ટુવ્હીલરમાં એક મેમરી કાર્ડ ફીટ કરવામાં આવ્યું છે, જેમાં સારી-નરસી યાદો સ્ટોર થઈ શકે છે. રાઈડર પૂછે તો વાહન પોતાની 'યાદો' પણ વર્ણવી શકે છે. આ ફીચર તેને માત્ર વાહન નહીં, પરંતુ એક સાથી જેવું બનાવે છે.

મુકેશ ભાવસારે કહ્યું કે, એજ્યુકેશન પર્પઝથી ટુવ્હીલરમાં પાંચ વર્ષ પહેલાં સ્પીકર, ચીપ વિગેરે સાધનો ફીટ કર્યા હતા. તેનું આઈપી એડ્રેસ બનાવ્યું હતું. જેની મદદથી વોઈસ કમાન્ડ આધારે ટુવ્હીલર સાથે કોમ્યુનિકેશન શક્ય બનાવાયું છે. આ ટુવ્હીલર વાતચીત કરી શકે છે. કમાન્ડ ફોલો કરે છે. તેમાં ગીતો વગાડી શકાય છે. તે ઉપરાંત તેની મેમરી એટલી શાર્પ છે કે એક્સિડેન્ટ થયા હોય કે અન્ય કોઈ બનાવ બન્યો હોય તે પણ યાદ રાખે છે અને પૂછવા પર માહિતી આપે છે.

ખરેખર એક વકીલની જિજ્ઞાસાવૃત્તિએ સામાન્ય મોપેડને ટેક્નોલોજીની મદદથી સ્પેશિયલ બનાવી દીધું છે.

## સુડોકુ ૨૮૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | | ૩ | | | ૪ | | |
| ૯ | | | | | ૭ | ૩ | ૮ | ૫ |
| | | | | | ૫ | ૬ | | ૧ |
| | ૯ | ૬ | | ૭ | ૪ | ૨ | | |
| | | ૭ | ૮ | ૫ | ૯ | | ૬ | |
| | ૮ | ૪ | ૬ | | | | ૯ | |
| ૭ | ૬ | ૨ | ૫ | | | | | ૩ |
| | | ૩ | | | | ૮ | ૫ | |
| | ૫ | ૯ | | ૩ | | | ૧ | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

[illegible]

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કમરનો દુખાવો

કબજિયાત, યકૃત, પેશાબ, પ્રદર ની તકલીફમાં કમર દુઃખે છે. રોજ સવારે સૂંઠ પાણી ના ઉકાળામાં બે થી ચાર ચમચી દિવેલ નાખી પીવું. સાથે અશ્વગંધા ચૂર્ણ બે ગ્રામ થી શરૂ કરી પાંચ ગ્રામ સુધી જવું. સાથે એટલી જ સૂંઠ લો. દૂધ પીઓ.

## આજનું પંચાંગ

**તા. 28/03/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : દસમ:08:47, ધર્મરાજ દસમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 07
**યોગ :** સુકર્મા **કરણ:** વણિજ
**નક્ષત્ર :** પુષ્ય:14:51 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી **રાશિ:** કર્ક (ડ,હ)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:37 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:50
**નવકારસી :** 07:25
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 16મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 08મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘરમાં મહેમાનોની અવર-જવર વધશે. બહારનાં કામમાં મદદ મળે. વારસા બાબતે પ્રગતિ થાય.
**વૃષભ (બ,વ,ઉ,):** ઉત્સાહજનક પ્રગતિ થાય આધુનિક ટેક્નોલોજી અને દલાલી શિક્ષણ તથા પ્રવાસને લગતાં કામ પાર પડશે.
**મિથુન (ક,છ,ઘ,):** ખાણી-પીણી માર્કેટીંગ, દલાલી, ટ્યુશન વગેરેના કામમાં આવક વધશે. પારિવારિક ધંધામાં પ્રગતિ.
**કર્ક (ડ,હ,):** ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. સમાજમાં યશ મળે. નોકરીમાં સફળતાથી નવી જવાબદારી મળે.
**સિંહ (મ,ટ,):** ધાર્મિક પ્રવાસ, ધાર્મિક સાહિત્યને લગતા કામમાં પ્રગતિ થાય. સમાજ સેવામાં શાંતિ મળે.
**કન્યા (પ,ઠ,ણ,):** શિક્ષણ, મોજશોખ, ગારમેન્ટસ ટ્યુશન અને દલાલીને લગતાં કામ થાય. પ્રેમમાં સાથ મળે.
**તુલા (ર,ત,):** ધંધા માટે વડીલોથી મદદ મળે. સમાજમાં યશ મળે. સામાજિક મેળાવડામાં જવાબદારી નિભાવવી પડે.
**વૃશ્ચિક (ન,ય,):** ધાર્મિક પ્રવાસ સત્સંગ અને સામાજિક પ્રવૃતિ થાય. અચાનક શુભ સમાચાર મળે. વિદેશના કામ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવાથી સાવધાન નોકર-ચાકરથી સાવધાન, ખાવા-પીવામાં સાવધાન અચાનક નવી તક મળે.
**મકર (ખ,જ,):** રોજની આવક વધારવાની સમસ્યાનું સમાધાન થાય. પરિવારનો સાથ સામાજિક કામમાં મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નોકરી માટે નવી યોજના બને. હરીફોથી હેરાનગતિ વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રેમ વિવાહની શક્યતા અચાનક કોઇ ભેટ મળે. કોઇને મળવાનું બને. સંતાનોનાં કામ થાય.

## કોઈ પણ સાલમાં 28 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. આર્થિક બાબતે ભીંસ રહે. સમાજમાં અશાંતિ વધે. પરિવારની સમસ્યા સતાવે. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોનાં કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. નવા ઘર, વાહન, મકાન, બાબતે પ્રગતિ થાય. નોકરીમાં પ્રમોશન સાથે જવાબદારીથી કામનો બોજ વધે. આરોગ્ય નરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવશે. વારસા, જાયદાદ, જમીન બાબતે વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુલાઈ- ઓગસ્ટ રવિવાર સોમવાર 01, 10, 28 તારીખ નવાં કામ માટે અનુકુળ રહે. સોનેરી, ભૂરો અને કથઇ રંગનો ઉપયોગ કરતા રહેવું નવેમ્બર ડિસેમ્બર, શુક્ર, શનિવાર, 7, 16, 25 તારીખે નવા કામ ટાળવા. કાળા રંગનો ઉપયોગ ટાળવો.

## શબ્દગુંફન - ૭૧૯૦

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| ■ | | ■ | ૭ | | | ■ | | ■ | |
| ૮ | | ૯ | | ■ | ૧૦ | | | ૧૧ | |
| | ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| | ■ | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | | ■ | | ■ |
| ૩૦ | | ■ | ૩૧ | | | ■ | ૩૨ | | ૩૩ |
| | ■ | ૩૪ | | ■ | ૩૫ | | | ■ | |

**આડી ચાવી**
૧. ગરમાળાનું ઝાડ (૪)
૪. જરૂરી જ ખર્ચ કરવું તે (૫)
૭. વિશ્વાસ (૩)
૮. મહાદેવ, નાગ (૪)
૧૦. યોગ્ય કિંમત કરનાર (૫)
૧૨. દાણાદાર લોટ (૨)
૧૩. શરીર, દેહ (૨)
૧૪. ચાલવાનો અવાજ (૪)
૧૭. એક તેલી બી (૨)
૧૯. લડાઈનું મેદાન (૨)
૨૦. મોટું (૩)
૨૩. ઘોષ, ધ્વનિ (૨)
૨૪. પતિ (૩)
૨૬. ત્રાંસુ, તીરછું (૪)
૨૯. દૂધ જમાવતાં થતું પદાર્થ (૨)
૩૦. સ્મરણ (૨)
૩૧. રાત્રિ (૩)
૩૨. ગણતરી, દાખલો (૩)
૩૪. ઉછાળો, જુસ્સો (૨)
૩૫. હોડ, બોલી, કરાર (૩)

**ઊભી ચાવી**
૨. વિક્રમ સંવતનો એક મહિનો (૩)
૩. નાહિંમત, કંટાળી ગયેલું (૩)
૪. પતંગ (૪)
૫. વ્યાયામ, અભ્યાસ (૪)
૬. દાંત (૩)
૮. ''ધીરજનાં..... મીઠાં'' (૨)
૯. ઢોંગ, તોફાન (૩)
૧૧. મનનું વલણ (૩)
૧૨. અવાજ (૨)
૧૪. પ્રતિજ્ઞા (૨)
૧૫. સુંદર સ્ત્રી (૨)
૧૬. મોટું (૨)
૧૮. નિશાની (૩)
૧૯. રમતીલું (૫)
૨૦. સહાયક (૫)
૨૧. પુરુષ (૨)
૨૨. પ્રામાણિક (૨)
૨૫. ઈચ્છા, મનીષા (૩)
૨૭. નકામું, બાદ કરેલું (૨)
૨૮. સારું, સુંદર (૩)
૩૨. કલ્યાણ (૨)
૩૩. ભરાવદાર (૨)

[illegible]